**ફોજદારી પરચૂરણ અરજી નં. ૦૫/૨૦૨૬, જામકંડોરણા પોલીસ સ્ટેશન પાર્ટ–સી, ગુના રજીસ્ટ્રેશન નંબર :–11213020260005/2026, જુગાર અટકાયતી અધિનિયમ કલમ–૪, ૫ મુજબ ના ગુના કામે અરજદાર/આરોપી કિશોરભાઈ નાથાભાઈ પરમાર, ઉ.વ.આ. ૪૩, રહે. જામટીંબડી, તા. ઉપલેટા, જી. રાજકોટ નાઓનો મોબાઈલ ફોન VIVO કંપનીનો Y91 3+32 ને વચગાળાના ધોરણે પરત મેળવવા માટે કરવામાં આવેલ અરજી લગત હુકમ.**

==========================================================================

(૧) અરજદારે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૯૭ થી ૫૦૩ હેઠળ કરી તેમની માલીકી નો મોબાઈલ ફોન VIVO કંપનીનો Y91 3+32 જેના IMEI NO. 860386042495418, જામકંડોરણા પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુના રજી.નં. 11213020260005/2026 ના કામે આ કામના અરજદાર/આરોપી કિશોરભાઈ નાથાભાઈ પરમાર, ઉ.વ.આ. ૪૩, રહે. જામટીંબડી, તા. ઉપલેટા, જી. રાજકોટ નાઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ હતો, તે મુદ્દામાલ મોબાઈલ ફોન VIVO કંપનીનો Y91 3+32 ને વચગાળાના ધોરણે પરત મેળવવા માટે અરજદાર/આરોપી નાઓએ અરજી કરેલ છે અને અરજી સાથે અરજદાર તર્ફે (૧) અરજદારના માલિકીના મોબાઈલ બીલની ઝેરોક્ષ નકલ માર્ક–૦૩/૧ થી રજુ છે, (૨) અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ માર્ક ૦૩/૨ થી રજુ છે, (૩) એફ.આઈ.આર.ની માર્ક–૦૩/૩ થી રજુ છે અને અરજીમાં જણાવેલ છે કે, મુદ્દામાલ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં છે અને વધારે સમય પડયો રહે તો તેમાં યાંત્રીક ખામી આવી જવાની શકયતા છે તેમજ બેટરી ને નુકશાન જાય તેમ છે અને ઉપયોગી થઈ શકે નહીં. મોબાઈલ પોલીસ સ્ટેશનમાં હોવાથી રોજબરોજનું સમાજીક તેમજ આર્થીક કામ થઈ શકે નહીં તેથી હાલની વચગાળાની કસ્ટડી મેળવવા માટે કરેલ છે.

(૨) અરજદારની અરજી અનુસંધાને તપાસ કરનાર અમલદારશ્રીનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે અને તપાસ કરનાર અમલદારે અભિપ્રાય સાથે મુદ્દામાલ કબ્જે કર્યાનુ પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદાર પોતાના અભિપ્રાયમાં જણાવે છે કે,જામકંડોરણા પો. સ્ટે. પાર્ટ–એ, ગુ. રજી. નંબર 11213020260005, જુગાર અટકાયતી અધિનિયમ કલમ–૪, ૫ મુજબના ગુના ના કામે અરજદાર/આરોપી કિશોરભાઈ નાથાભાઈ પરમાર, ઉ.વ.આ. ૪૩, રહે. જામટીંબડી, તા. ઉપલેટા, જી. રાજકોટ વાળા નાઓ પાસેથી ઉપરોકત ગુનાના કામે મોબાઈલ ફોન VIVO કંપનીનો Y91 3+32 પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરેલ અને સદરહુ મુદ્દામાલ છોડવામા આવશે તો ફરીથી આવી ગુનાહીત પ્રવૃતીમા વપરાય તેમ હોય જેથી અરજદારને મુદ્દામાલ સોંપવા તપાસ કરનાર અમલદારનો કોઈ અભિપ્રાય થતો નથી.

(૩) ત્યારબાદ, હાલની અરજીના અનુસંધાને દલીલ સાંભળવામાં આવેલ તથા સબંધીત કેસ પેપર્સ વંચાણે લીધા.

(૪) આ કામે અરજદાર તરફે મુખ્ય દલીલ છે કે, મુદ્દામાલ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં છે અને વધારે સમય પડયો રહે તો તેમાં યાંત્રીક ખામી આવી જવાની શકયતા છે તેમજ બેટરી ને નુકશાન જાય તેમ

છે અને તેમને ઉપયોગી થઈ શકે નહીં. મોબાઈલ પોલીસ સ્ટેશનમાં હોવાથી રોજબરોજનું સમાજીક તેમજ આર્થીક કામ થઈ શકે નહીં અને અરજદારને તેની કાયમી જરૂરીયાત રહે છે તેમ જણાવે છે. વધુમાં, અરજદાર તરફે આંક –૦૬ થી પુરશીષ રજુ કરેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, માર્ક ૦૩/૧ ના બીલમાં શરતચુકથી IMEI નંબર માં ભુલ હોય જેથી માર્ક ૦૬/૧ થી તેઓએ સાચા IMEI નંબર વાળા બિલ ની ડ્રુ–કોપી તથા માર્ક ૦૬/૨ થી બોકસની ફોટો કોપી રજુ રાખેલ છે, જેમાં જપ્ત કરવામા આવેલ મોબાઈલના ખરીદ બીલમાં ખરીદ કરનાર તરીકે હાલના અરજદારનું નામ છે અને આઈ.એમ.ઈ.આઈ. નંબર જોતા પોલીસ દ્વારા કબ્જે કરવામાં આવેલ મોબઈલ ફોનના આઈ.એમ.ઈ.આઈ. નંબર એકસરખા છે.

(૫) આમ, આવા સંજોગોમાં કેસની હકીકતોને લક્ષમાં લેતા સદરહુ મોબાઈલના બીલમાં હાલના અરજદારનુ નામ ચાલે છે. હાલના અરજદાર સીવાય અન્ય કોઈ એ હાલના મુદ્દામાલ મોબાઈલ પર કલેઈમ કરતા નથી. આવા સંજોગોમાં કેસની હકીકતોને લક્ષમાં લેતા સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારના નામે છે. હાલના તબકકે વચગાળાની કસ્ટડી સોપવા અંગેનો નિર્ણય કરવાનો છે ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલત "**સુંદરભાઈ અંબાલાલ દેસાઈ, વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,**" એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો.પાના નં. ૬૩૮ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, જો અરજદાર ને વચગાળાના ધોરણે યોગ્ય શરતોને આધિન જો પરત સોંપવામા આવશે તો ન્યાયનુ હિત જળવાય તેમ છે તેમજ વધુમા સદર કામે તપાસ કરનાર અધિકારીને પોલીસ તપાસમા મોબાઈલની તપાસના કામે જરૂરીયાત હોય તેવુ કાંઈ તેમના અભિપ્રાયમાં તપાસ કરનાર અમલદારે જણાવેલ નથી. વધુમા કેસનો ન્યાય નિર્ણય થવામા સમય લાગે તેવુ જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## :: હુકમ ::

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) જામકંડોરણા પોલીસ સ્ટેશન પાર્ટ–એ, ગુના રજી. નંબરઃ–11213020260005/2026 ના કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન VIVO કંપનીનો Y91 3+32 જેના IMEI NO. 860386042495418 વાળો છે તે મોબાઈલ ફોન અંગે હાલના ગુનાના કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમત ની દોઢી રકમના સધ્ધર જામીન તેમજ તેટલી રકમના જાતમુચરકા સંબધીત પોલીસ સ્ટેશને રજુ કર્યે થી તેમજ પંચનામુ ચાર્જશીટ સાથે રજુ રાખી, સદરહુ ગુના સંબંધી કેસનો આખરી નીકાલ ન થાય ત્યાં સુધી નીચે જણાવેલ શરતો ને આધીન વચગાળાના ધોરણે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: શરતો ::</u>

**(i)** અરજદારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ આ ગુનાના સંબંધી કેસનો આખરી નીકાલ ન આવે ત્યા સુધી કોઈને કોઈપણ રીતે હસ્તાંતરણ, વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવું /કરાવવું નહી.

**(ii)** અરજદારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ અદાલત અગર તો તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે ફરમાવે ત્યા અને ત્યારે રજુ કરવાનુ રહેશે.

**(iii)** અરજદારે સદરહુ મુદ્દામાલના રંગ કે ઓળખમાં કોઈપણ જાતના ફેરફાર કરવા કે કરાવવા નહી.

**(iv)** અરજદારે સદરહું મુદ્દામાલ મોબાઈલનો કબ્જો પરત મેળવવા સમયે પોતાની ઓળખના પુરાવા તરીકે ચુંટણી ઓળખપત્ર, ડ્રાઈવીંગ લાયસન્સ / આધારકાર્ડ પૈકી કોઈ એક પુરાવો બતાવી તેની પ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે.

(v) અરજદારે સદરહુ મુદ્દામાલનો કોઈપણ ગુનાહીત પ્રવૃતીમાં ઉપયોગ ન થાય તેની પુરતી તકેદારી રાખવી.

**(vi)** અરજદારે સદરહુ મુદ્દામાલ મોબાઈલ પોલીસ સ્ટેશનેથી પરત મેળવવા સમયે મોબાઈલની ઓળખ પ્રસ્થાપીત થાય તે રીતે જુદા જુદા એન્ગલથી ફોટોગ્રાફસ પોતાના ખર્ચે પડાવી ત.ક.અમલદાર સમક્ષ રજુ કરવા, જે ત.ક.અમલદારે આ ગુનાના કામે કેસ કાગળો સાથે સામેલ રાખવા.

(૩) સદરહુ હુકમની એક નકલ સબંધીત પોલીસ સ્ટેશનને હુકમની જાણ તથા અમલ અર્થે મોકલી આપવી.

(૪) આ ગુના સંદર્ભે સબંધીત ત.ક.અમલદાર/ચાર્જશીટ કરનાર અમલદાર/પોલીસ સ્ટેશન અમલદારે ઉપરોકત હુકમની અમલવારી અનુસંધાને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો તેમજ ભવિષ્યમાં મુદ્દામાલ મોબાઈલના સ્ટેટસની જાણકારી મળી રહે તે હેતુથી આ કેસ સબંધીત પોલીસ પેપર્સ મા તેની જરૂરી નોંધ રાખવી.

(૫) તપાસ કરનાર અમલદાર મોબાઈલ ફોનની જો કોઈ હકીકત ઉપર આધાર રાખતા હોય તો તેમની સોફટકોપી ને સ્ટોર કરી ચાર્જશીટ સાથે રજુ કરવી.

હુકમ આજરોજ તારીખ–૧૧, માંહે–માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જામકંડોરણા।
તારીખ : ૧૧–૦૩–૨૦૨૬

Sd/-
**આકાશ પ્રમોદ વર્મા**
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામકંડોરણા।
જજ કોડ – GJ-01707